# વીસું પંજોસણ હુંડી

— વાચક મુલા

(રચના : સંવત ૧૬૨૪ આસપાસ)

[ વિધિપક્ષ (અંચલ)ગચ્છના 'રાઈ પ્રતિક્રમણ'માં શ્રી તીર્થ વંદનાનાં ઢાળિયાં – જેનું બીજું પ્રસિદ્ધ નામ છે 'શ્રી કેવળનાણી' કે જે રોજ બોલવાની પ્રથા છે. આ કૃતિના રચયિતા વાચક મુલા ઋષિજીએ અતિ સરળ ભાષામાં 'શ્રી કલ્પસૂત્ર,' 'કલ્પચૂર્ણિ,' 'નિશીયચૂર્ણિ,' 'કલ્પ નિર્યુકિત' ઇત્યાદિ ગ્રંથોનાં નામ આપી 'વીસું પર્યુષણ કરવાની હુંડી નામક આ કૃતિ રચેલ છે. તેઓ અચલગચ્છેશના શ્રી ધર્મમૂર્તિસૂરિરાજ્યમાં શ્રી રત્નપ્રભગણિના શિષ્ય થાય છે. તેમણે સંવત ૧૬૨૪માં 'ગજસુકુમાલ ચઉપાઈ પત્ર' રચેલ છે. તેમણે રચેલ 'શ્રી કેવળનાણી ચૈત્યવંદન' આજ લગી લોકભોગ્ય બની રહેલ છે. આ કવિની અન્ય કૃતિઓ પણ પ્રાપ્ત થાય છે.

— સંપાદક ]

## ઢાળ પહેલી

( ચતુર ચોમાસું હો સદ્ગુરુ આવિયા – એ દેશી )

જિન બંધુ, હે વાસુપૂજ્ય ભાવશું, મન સરસ્વતી માય;
આગમ વાણી રે સાચી જાણજો, જે ભાખે જિનરાય ॥ ૧ ॥
કુમતિના વાહ્યા રે પ્રાણી બાપડાં, કિમ પામે ભવ પારે ?
વિધિશું જાણો રે, વિધિ મારગ ખરો, જે તારે સંસાર. વિધિશું૦ ॥ ૨ ॥
કલ્પસૂત્રે રે બોલે જગગુરુ, સાધુ સમાચારી મઝાર;
દિન પચ્ચાસે રે પરવ પજુસણ, સૂત્રે ઘણે સુવિચાર. વિધિશું૦ ॥ ૩ ॥
નિશીથ ચૂર્ણે રે પચ્ચાસે કહીયું, પરવ પજૂસણ જોય;
ચોમાસાથી રે જેમ પડિક્કમે, તે વિધિ સૂત્રની હોય. વિધિશું૦ ॥ ૪ ॥
આષાડ ચોમાસું રે પૂનમ પડિક્કમી, સુદિ પાંચમ દિન સાર;
ભાદ્રવ માસે રે પર્વ પજૂસણ, કીજે સૂત્ર આધાર. વિધિશું૦ ॥ ૫ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પચૂર્ણે અરિહંત ઉપદેશે રે, પચ્ચાસ કે ઓગણપચ્ચાસ;
ચંદ સંવત્સરે સવિ દાખીઓ, જોજે હૃદય વિમાસ. વિધિશું૦ ॥ ૬ ॥

## ઢાળ બીજી

( જંબૂદ્વીપ પન્નતિ માંહે – એ ચાલ )

કલ્પસૂત્રે શ્રી અરિહંતવાણી, અંતરે એહવું કીજે જી;
આશીરવાદિક કારણ તે કહ્યાં, અધિક માસ તે કહીજે જી. ધન ધન૦ ॥ ૧ ॥
ધન ધન ભદ્રબાહુ ગુરુ વાણી, સુણજો ભવિયણ પ્રાણીજી;
પર્વ પજૂસણ વીસું કરીએ, સુધી સદ્દહણા આણીજી. ધન ધન૦ ॥ ૨ ॥
કલ્પ નિર્યુકતે સોળમી ગાથા, ચૌદ પૂરવ ધર ભાખે જી.
અભિવર્ધિક સંવત્સરે કરવા, વીસું પજોસણ દાખે જી. ધન ધન૦ ॥ ૩ ॥
પાંચ સંવત્સરે યુગ ભણીજે, માસ બાસઠે યુગલ કહીએ જી. ધન ધન૦ ॥ ૪ ॥
સંવત્સર જે માસ વાધે, તે ગ્રીષ્મ માહીં ગણીએ જી;
નહીં કલ્પિત કેહની, કેહની નિશીથ ચૂર્ણે ભણીએ જી. ધન ધન૦ ॥ ૫ ॥
એણી પરે માસ વધે તે જાણી, શ્રીગુરુ પર્વ કરીએ જી;
શ્રાવણ સુદ પાંચમી દિન રૂડો, મનુષ્ય જનમ ફલ લીજે જી. ધન ધન૦ ॥ ૬ ॥

## ઢાળ ત્રીજી

( કડવાની દેશી )

વડું ભાષ્ય શ્રી કલ્પતણું છે, વીશા કેરું ઠામ જી;
અંતરાય વિણ હોય પચાસું, એંસીયાનું નહીં નામ જી.
જુઓ જુઓ ભવિયણ હૃદય વિચારી. ॥ ૧ ॥
જુઓ જુઓ ભવિયણ હૃદય વિચારી, સૂત્ર તણી વિધિ સારી જી;
વીસુ પર્વ પજૂસણ કરીએ, દુર્મતિ દૂર નિવારી જી. જુઓ૦ ॥ ૨ ॥
શ્રાવણે પજૂસણ કાર્તિક ચોમાસું દિન સો અંતરે લેવાજી;
કલ્પચૂર્ણિ ને કલ્પ નિર્યુકતે, અક્ષર પ્રગટ કહેવા રે. જુઓ૦ ॥ ૩ ॥
ભાદ્રવ માસે પર્વ સંવત્સર, સદા નિરંતર કીજે જી;
માસ વધે શ્રાવણ પછવાડે, કલ્પ ભાષ્ય હુંડી દીજે જી. જુઓ૦ ॥ ૪ ॥
સુગુરુ વખાણે વીસું પજૂસણ, નિશીથ ચૂર્ણે નામ જી;
એહવું જાણી કરજો ભવિયણ, જો તુમ સૂત્રે કામ જી. જુઓ૦ ॥ ૫ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઢાળ ચોથી

( ધન સુપન્ન – એ ચાલ )

એમ પર્વ પજૂસણ કરવાની વિધિ દાખે;
એ સદા નિરંતર સૂત્ર સાતની સાખે. ॥ ૧ ॥
અતિ આનંદ આણી આણી આરાધો જિન આણ;
વહતાં સવિ સાધો, પામો શિવપુર ઠાણ. ॥ ૨ ॥
મિલી દેવો ચોસઠ, એ દિન આવે સાર;
અઠ્ઠાઈ મહોત્સવ જીવાભિગમ વિચાર, ॥ ૩ ॥
વીસું પચ્ચાસું કરવાની વિધિ સાચી;
અંસીએ દિન કીજે તે વિધિ દીસે કાચી. ॥ ૪ ॥
પાંચ ભરત, અઈરાવત, પાંચ મહાવિદેહ હેવ;
એમ પર્વતણી વિધિ સીમંધર દેવ. ॥ ૫ ॥
જિન વચન જે માને જાણ શિરોમણિ તેય;
ઋષિ મૂલો જંપે સંપત્તિ સુખ પામેય. ॥ ૬ ॥

[ ઈતિ શ્રી વીસું પજોસણ કરવાની હુંડી સમાપ્ત ]

### ( આઠમ પાખી વિશે ગાથાઓ )

છઠ્ઠ, ન અઠ્ઠમી તેરસી, સહિયં ન પક્ખિયં હોઈ;
પડવે સહિયં કયાવિ ઇયિ જિણવરિંદેહિં. ॥ ૧ ॥
પણરસમી દિવસે, કાયવ્વં પક્ખિયં તુ પાયેણ;
ચઉદસીસ સહિયં કયાવિ, ન હુ તેરસ સોલસમે દિવસે. ॥ ૨ ॥
અઠ્ઠમી વિહિ ય સાહિયં કાયવ્વા અઠ્ઠમી ય પાયેણ;
અહવા સત્તમી ય નવમે, છઠ્ઠે ન કયાઈવિ. ॥ ૩ ॥
પખ્ખે સુદ્ધા અઠ્ઠમી માસદ્ધે પક્ખિયં હોઈ;
સોલસમે દિવસે પક્ખિયં ન કાયવ્વં હોઈ કયાવિ. ॥ ૪ ॥
પક્ખિય પડિકમણાઓ સઠ્ઠી પુહરમ્મિ અઠ્ઠમી હોઈ;
તત્થેવ પચ્ચખાણં કઠ કરંતિ, પવ્વેસુ જિણવયાણં. ॥ ૫ ॥
જઈયા હો અઠ્ઠમી લગ્ગા, તઈયા હુંતિ પક્ખિસંધીસું;
સઠ્ઠી પુહરંમિ નેયા કરંતિ, તહિં પક્ખિ–પડિકકમણં. ॥ ૬ ॥
ઇત્યાવશ્યચૂર્ણૌ આષાડે ચ ભાદ્રપદે કાર્તિકે પોષણવર,
( પૌષધપર ) ફાલ્ગુને, માધવે ( માઘ માસે ) ચાતિ રાત્રે નાન્યેસુ કહિંચિત્

× × ×



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org